# પ્રસાર ભારતી
# પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 27-04-2024 સવારે : 7.10 થી 7.20

- ✓ ગુજરાતમાં સાતમી મે ના રોજ યોજાનાર લોકસભાની 25 બેઠકોની ચૂંટણી માટે રાજકીય પક્ષો દ્વારા ચૂંટણીપ્રચાર વેગવાન બન્યો – ભાજપના અમિત શાહ, કોંગ્રેસના પ્રિયંકા ગાંધી સહિતના નેતાઓ આજે રાજ્યમાં પ્રચાર કરશે.
- ✓ રાજ્યભરમાં ચૂંટણી પંચ દ્વારા આગામી લોકસભા ચૂંટણીમાં મહત્તમ મતદાન માટે મતદાન જાગૃતિના વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.
- ✓ સર્વોચ્ચ અદાલતે વિજાણુ મતદાન યંત્ર - EVM અને VVPATના ડેટાની 100 ટકા ચકાસણી કરવાની વિનંતી કરતી અરજીઓ ફગાવી દીધી.
- ✓ પાકિસ્તાન જેલમાંથી આગામી 30મી એપ્રિલે 36 માછીમારોને મુક્ત કરાશે.
- ✓ પશ્ચિમ રેલ્વેએ મુસાફરોની સુવિધા અને મુસાફરીની માંગને પહોંચી વળવા, ખાસ ભાડા પર 6 જેટલી ઉનાળુ વિશેષ ટ્રેનો ચલાવવાનો નિર્ણય કર્યો છે.

## Election campaign AMIT SHAH

ગુજરાતમાં સાતમી મે ના રોજ યોજાનાર લોકસભાની 25 બેઠકોની ચૂંટણી માટે રાજકીય પક્ષો દ્વારા ચૂંટણીપ્રચાર વેગવાન બન્યો છે. વિવિધ પક્ષોના સ્ટારપ્રચારકોનું રાજયમાં આગમન શરૂ થયું છે.

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે ગુજરાતના પ્રવાસે આવશે.. તેઓ ગુજરાતની ચાર લોકસભા બેઠકો ઉપર વિજય સંકલ્પ સભા કરશે. શ્રી અમિત શાહ પોરબંદરના ભાજપના ઉમેદવાર મનસુખ માંડવિયાના પ્રચાર માટે જામકંડોરણા ખાતે સવારે દસ વાગે જાહેરસભા સંબોધશે. ત્યારબાદ ભરૂચમાં મનસુખ વસાવાના સમર્થનમાં અંકલેશ્વરના ખડોલી ખાતે બપોરે જનસભાને સંબોધન

કરશે. ત્યાંથી અમિત શાહ પંચમહાલના ઉમેદવાર રાજપાલસિંહ યાદવના પ્રચાર માટે ગોધરામાં સાંજે વિજયસંકલ્પ સભા સંબોધશે જ્યારે સાંજે  છ વાગે વડોદરાના ઉમેદવાર હેમાંગ જોષીના પ્રચાર માટે રાવપુરાના રણમુક્તેશ્વર મહાદેવ મંદિર ખાતેથી અકોટા સુધીનો રોડ શો કરશે.

કેન્દ્રિય રેલવેમંત્રી અશ્વિની વૈષ્ણવે ગઇકાલે રાજકોટ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં ચૂંટણીપ્રચાર કર્યો હતો.

.................

## election campaining

અમારા નવસારીના પ્રતિનિધિના અહેવાલ મુજબ નવસારી લોકસભા બેઠક નાં ભાજપના  ઉમેદવાર સીઆર પાટીલે ગઇકાલે આંતલીયા વિવેકાનંદ સર્કલ થી ખેરગામ એપીએમસી માર્કેટ સુધી રોડ શો કર્યો  હતો. તેમણે ગણદેવી તાલુકાનાં આંતલીયા ખાતે ચૂંટણી રેલી યોજી હતી.

અમારા પાટણના પ્રતિનિધિ રમેશ સોલંકી જણાવે છે કે પાટણ બેઠકના ઉમેદવાર ભરતસિંહ ડાભીના ચૂંટણી પ્રચાર અર્થે આજે પાટણ યુનિવર્સિટીના કન્વેન્શન હોલ ખાતે સહકારી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું.

.................

## Lok Sabha Elections - Congress Party

ગુજરાતમાં  લોકસભા ચુટંણી સંદર્ભે કોંગ્રેસ પક્ષના નેતાઓએ ગઇકાલથી ગુજરાતમાં  લોકસભા ચુટંણી સંદર્ભે પક્ષના પ્રચારનો આરંભ કર્યો છે.

છોટાઉદેપુર ખાતે ઇન્ડિયા ગઠબંધનમાંથી કોંગ્રેસના ઉમેદવાર સુખરામ રાઠવાના સમર્થનમાં જાહેરસભા યોજાઇ ગઇ. આ પ્રસંગે ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે ભાજપ પર આકરા પ્રહારો કર્યા.

ગુજરાત કોંગ્રેસનાં સંગઠન પ્રભારી અને વરિષ્ઠ રાજ્યસભા સભ્ય મુકુલ વાસનીકનો પણ બેદિવસીય ગુજરાતના પ્રવાસે આવશે .

આજે કોગ્રેસના રાષ્ટ્રીય મહામંત્રી પ્રિયંકા ગાંધી વલસાડના ધરમપુર ખાતે જાહેરસભા સંબોધશે , જ્યારે આવતીકાલે વરિષ્ઠ નેતા અને પૂર્વ સાંસદ અભિષેક મનુ

સિંઘવી અમદાવાદમાં પત્રકાર પરિષદ યોજશે . ૨૯ એપ્રીલએ કોંગ્રેસ પક્ષનાં પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ અને સાંસદ રાહુલ ગાંધી પાટણ ખાતે ચુંટણી સભાને સંબોધન કરશે.

કોંગ્રેસ પક્ષનાં રાષ્ટ્રીય મહિલા અધ્યક્ષા અલકા લાંબાજી ગુજરાતમાં પ્રચાર કરી મતદાન માટે લોકોને અપીલ કરશે. દરમિયાન કોંગ્રેસ પક્ષનાં વરિષ્ઠ નેતા અને પૂર્વ મુખ્યમંત્રી ભુપેશ બઘેલ, અશોક ગહેલોત અને તેલંગાણાનાં યુવા મુખ્યમંત્રી રેવંતા રેડીની પણ ગુજરાતમાં જાહેર સભા યોજી કોંગ્રેસ પક્ષનો પ્રચાર કરશે

.................

## voting awareness

રાજયમાં આગામી લોકસભા ચૂંટણીમાં મહત્તમ મતદાન થાય તે હેતુથી ચૂંટણીતંત્ર દ્વારા વ્યાપક મતદાર જાગૃતિ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

અમારા ગીર સોમનાથ જિલ્લાના પ્રતિનિધિ રાજેશ ભજગોતરના અહેવાલ મુજબ વેરાવળ ના ભાલપરા ખાતે સમૂહ લગ્નોત્સવમાં મતદાર જાગૃતિનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પ્રભુતામાં પગલા પાડતા દંપત્તિઓ સહિતના નાગરિકોએ લોકશાહીના અવસરમાં સહભાગી થવા અચૂક મતદાનના શપથ લીધા હતા.

બીજી તરફ વેરાવળ બંદર ખાતે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સાગરખેડૂઓ મતદાન માટે પ્રેરિત થાય તે હેતુ થી સમુદ્રમાં બોટને કતારબદ્ધ ગોઠવી અને તિરંગા લહેરાવી 'બોટ થી વોટ'ના મંત્ર સાથે મતદાન જાગૃતિનો સંદેશો આપવામાં આવ્યો હતો.

રાજકોટ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મતદાન જાગૃતિના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે રાજકોટ જિલ્લાની વિવિધ કોલેજોમાં કુલ ૭૭ કેમ્પસ એમ્બેસેડરની નિમણૂક કરવામાં આવી છે. જે અંતર્ગત જિલ્લા ચૂંટણી અધિકારી સહિતના અધિકારીઓએ ફેસબુક લાઈવ પ્રોગ્રામ મારફતે કોલેજના કેમ્પસ એમ્બેસેડર્સ અને વિદ્યાર્થીઓને મતદાન પ્રક્રિયામાં જોડાવા પ્રેરિત કર્યા હતા. જિલ્લાની ધોરાજી નગરપાલિકા વિસ્તારમાં "ડોર ટુ ડોર" ગાર્બેજ કલેક્શન વાન દ્વારા "નો યોર પોલિંગ સ્ટેશન" કાર્યક્રમની માહિતી આપવામાં આવી રહી છે.

રાજકોટ શહેરમાં સ્વીપ નોડલ અધિકારી એ હાઉસિંગ સોસાયટીઓના ચેરમેન સાથે તેમના મતદાનમથક અંગે જાણકારી આપવા બેઠક કરી ચૂંટણી લક્ષી માહિતી

આપવામાં હતી.. રજકોટ ગ્રામ્ય વિધાનસભા મતવિસ્તારના  કોટડાસાંગાણી તાલુકામાં એક એન્જીનીયરીંગ કંપની ખાતે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

જસદણ તાલુકાના આટકોટ આંગણવાડી કેન્દ્ર પર મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. તો રાજકોટના રેલનગરની મહર્ષિ દયાનંદ ટાઉનશિપમાં ભવાઈના કલાકારોએ હાસ્ય અને મનોરંજન સાથે નાગરિકોને અચૂક મતદાનનો સંદેશ આપ્યો હતો. જસદણ વિધાનસભા વિસ્તારમાં આવેલ રામેશ્વર ધામ વૃધ્ધાશ્રમ ખાતે ભાગવત સપ્તાહ દરમિયાન “મતદાર જાગૃતિ” કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.  બીજી તરફ કચ્છ જિલ્લા ચૂંટણી અધિકારી અમિત અરોરાએ સોશિયલ મીડિયા ઇન્ફ્લુએન્સર્સ  સાથે મતદાન જાગૃતિલક્ષી સંવાદ યોજી તેમને મતદાર જાગૃતિ કાર્યક્રમોમાં સક્રિય પણે જોડાવવા અનુરોધ કર્યો હતો .આ પ્રસંગે  મતદાન  જાગૃતિ અંગેનું કચ્છી ગીત “ આઉં ભારત ઐયાં” લોન્ચ કરવામાં આવ્યું હતું .

.................

## Tapi

રાષ્ટ્રિય શિક્ષા રત્ન એવોર્ડ-૨૦૨૦થી સન્માનિત તાપી જિલ્લાના પાઠકવાડીના ચિત્ર શિક્ષકે-તુલસીદાસ પટેલ લોકશાહીના મહાપર્વ ચૂંટણી-૨૦૨૪નું વારલી પેઈન્ટીંગ તૈયાર કર્યું છે

ચૂંટણીની સમગ્ર પ્રક્રિયાને વારલી પેઈન્ટીંગમાં કલાત્મક રીતે રજુ કરી લોકશાહીના અવસરને યાદગાર બનાવી બારડોલી મત વિસ્તારના જિલ્લા ચૂંટણી અધિકારી ને વારલી પેઈન્ટીંગ અર્પણ કર્યું હતું. આ વિશે વધુ માહિતી આપતા ચિત્રકલા શિક્ષક તુલસીદાસ  પટેલ

બાઇટ – તુલસીદાસ પટેલ, ચિત્રકલા શિક્ષક

.................

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. વધુ સમાચાર આપ અમારી વેબસાઇટ

newsonair.gov.in/Gujarati પર વાંચી શકશો.

.................

## SC – VVPAT

સર્વોચ્ચ અદાલતે વિજાણુ મતદાન યંત્ર - EVM અને VVPAT મશીનના ડેટાની 100 ટકા ચકાસણી કરવાની વિનંતી કરતી અરજીઓ ફગાવી દીધી છે. જો કે સર્વોચ્ચ અદાલતે ઇવીએમના ડેટા અંગે બે મહત્વના નિર્દેશો પણ આપ્યા છે.

સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ સંજીવ ખન્ના અને દિપાંકર દત્તાની બનેલી બેન્ચે ગત 18મી એપ્રિલે આ કેસનો ચુકાદો અનામત રાખ્યો હતો. એ દિવસે અદાલતે આપેલા નિર્દેશ મુજબ ચૂંટણી પંચ દ્વારા ગઇકાલે જરૂરી પ્રતિભાવ અપાયા બાદ સર્વોચ્ચ અદાલતે આ કેસનો ચુકાદો ગઇકાલે આપ્યો છે.

સર્વોચ્ચ અદાલતે ચૂંટણી પંચને આપેલા પહેલા મહત્વના નિર્દેશમાં ઇવીએમમાં ચૂંટણી ચિન્હો લોડ કર્યા બાદ આ યંત્રોને સીલ કરીને તેમને કન્ટેનરમાં સુરક્ષિત રાખવાના રહેશે. ઉમેદવાર અથવા પ્રતિનિધિઓએ આ સીલ ઉપર હસ્તાક્ષર કરવાના રહેશે. ત્યારબાદ આ કન્ટેનરોને ઇવીએમ સાથે સ્ટ્રોંગરૂમમાં સુરક્ષિત રાખવા પડશે. કન્ટેનરોના સીલ ઇવીએમની સાથે જ ખોલવાના રહેશે. આ ઉપરાંત ચૂંટણીના પરિણામો જાહેર થયા બાદ ઈવીએમ અને કન્ટેનરોને ઓછામાં ઓછા 45 દિવસ સુધી સુરક્ષિત રાખવા પડશે. સર્વોચ્ચ અદાલતે બીજા મહત્વપૂર્ણ નિર્દેશમાં દરેક વિધાનસભા મતવિસ્તારમાં કુલ ઇવીએમ મશીનો પૈકી પાંચ ટકા ઇવીએમ મશીનના કંટ્રોલ યુનિટ, બેલેટ યુનિટ અને વીવીપીએટીની ઇવીએમ ઉત્પાદક એકમના ઇજનેરો દ્વારા ચકાસણી કરવાની રહેશે. જોકે આ માટે પરિણામ જાહેર થયા બાદ બીજા અને ત્રીજા ક્રમે રહેલા ઉમેદવારોએ પરિણામો જાહેર થયા બાદ સાત દિવસની અંદર અરજી કરવાની રહેશે.

અદાલતે વધુમાં જણાવ્યું છે કે આ સમગ્ર કામગીરીનો ખર્ચ જે-તે ઉમેદવારોએ ઉપાડવાનો રહેશે. પણ જો ઇવીએમ સાથે ચેડા થયેલા જણાય તો આ ખર્ચ અરજી કરનાર ઉમેદવારોને રીફંડ રૂપે પરત આપવો પડશે.

.................

**MORBI DEM BYT**

મોરબીના જુના સાદુળકા ગામ પાસે આવેલ મચ્છુ ૩ સિંચાઈ યોજનામાં પાણી નદીમાં છોડવાની જરૂરીયાત ઉભી થતા આજે ડેમનો એક દરવાજો એક ફૂટ ખોલવામાં આવ્યો છે તેવી માહિતી ડેમ અધિકારી એ આપી હતી

(બાઈટ : ફોરમ ભાણવદીયા, મચ્છુ ૩ ડેમ નાયબ કાર્યપાલક ઉજ્નેર મચ્છુ ૩ ડેમ)

જેથી મોરબી તાલુકાના ગોર ખીજડીયા, વનાળીયા, માનસર, નારણકા સહિતના ગામો તેમજ માળિયા તાલુકાના દેરાળા, મેઘપર અને નવાગામ સહિતના બે તાલુકાના ૨૦ ગામોને એલર્ટ આપવામાવ્યું છે જેથી ગ્રામજનોએ નદીના પટમાં અવરજવર ના કરવા સુચના આપવામાં આવી છે

.................

## MACHIMAR MUKTI

પાકિસ્તાન જેલમાંથી આગામી 30મી એપ્રિલે 36 માછીમારોને મુક્ત કરાશે.

ભારત પાકિસ્તાન જળસીમા નજીક હોવાને કારણે બંને દેશોની સુરક્ષા એજન્સી દ્વારા માછીમારોને પકડી લેવામાં આવે છે. હાલ પાકિસ્તાન જેલમાં રહેલ એક સિવિલિયન સહિત 35 માછીમારો સહિત 36 લોકોને પાકિસ્તાન સરકાર મુક્ત કરશે.

તેમ પાકિસ્તાન ઇન્ડિયા ફિસ એન્ડ ડેમોક્રેશીના સભ્ય દ્વારા જણાવાયુ છે.

ઉલ્લેખનીય છે કે, હાલ પાકિસ્તાન જેલમાં 188 જેટલા માછીમારો બંધક છે. તે પૈકી 36 લોકોને આગામી 30મી એપ્રિલે મુક્ત કરાશે. આ માછીમારોને વાઘા બોર્ડરે મુક્ત કરાશે ત્યારબાદ તેઓ ટ્રેન મારફતે વેરાવળ આવશે.

આ માછીમારોમાં પોરબંદરના બે તેમજ દિવના ચાર સહિતના માછીમારોનો સમાવેશ થાય છે,

.................

## Khedut margdarshika

રાજયમાં આગામી ખરીફ ઋતુમાં બિયારણની ખરીદી કરતી વખતે ખેડૂતોએ રાખવાની થતી કાળજી અંગે માર્ગદર્શિકા જાહેર કરાઈ.

જે મુજબ બિયારણની ખરીદી માત્ર અધિકૃત લાયસન્સ/પરવાનો ધરાવતી સહકારી મંડળીઓ, સરકારી સંસ્થાઓ અથવા ખાનગી વિક્રેતા પાસેથી જ કરવાનો આગ્રહ કરાયો છે.

કોઇપણ સંજોગોમાં લાયસન્સ/પરવાનો ધરાવતા ન હોય તેવા વ્યક્તિઓ, પેઢીઓ કે ફેરીયાઓ પાસેથી ક્યારેય પણ બિયારણની ખરીદી કરવી નહી, જેથી છેતરપિંડીથી બચી શકાય એમ અમદાવાદની નાયબ ખેતી નિયામક(વિસ્તરણ), યાદીમાં જણાવાયું છે.

બિયારણની ખરીદી સમયે વેપારી પાસેથી તેનું લાયસન્સ નંબર, પુરૂ નામ, સરનામું અને જે બિયારણ ખરીદેલ હોય તેનું નામ, લોટ નંબર, ઉત્પાદન અને મુદત પૂરી થવાની વિગત દર્શાવતું બીલ સહી સાથે અવશ્ય લેવું જોઈએ.

ખેડૂતોએ બિયારણની થેલી સીલ બંધ છે કે કેમ, તેમજ તેની મુદત પૂરી થઈ ગયેલ નથી તે બાબતે ખાસ ચકાસણી કરવી અને કોઈપણ સંજોગોમાં મુદત પૂરી થયેલ હોય તેવા બિયારણની ખરીદી કરવી નહીં.

ખાસ કરીને કપાસ પાકના બિયારણની થેલી અથવા પેકેટ જુદા જુદા નામે વેચાતા અમાન્ય બિયારણની કોઈપણ સંજોગોમાં ખરીદી કરવી નહીં તેમજ આ પ્રકારના બિયારણ વેચાતા હોવાનું જો ધ્યાને આવે તો તાત્કાલિક સંબંધિત ખેતીવાડી અધિકારી અથવા નાયબ ખેતી નિયામકશ્રી(વિસ્તરણ)ને તુરંત જાણ કરવી.

.................

## Railway

પશ્ચિમ રેલ્વેએ મુસાફરોની સુવિધા અને મુસાફરીની માંગને પહોંચી વળવા, ખાસ ભાડા પર 6 જેટલી ઉનાળૂ વિશેષ ટ્રેનો ચલાવવાનો નિર્ણય કર્યો છે.

જે અંતર્ગત બાંદ્રા ટર્મિનસ – રીવા વીકલી સ્પેશિયલ બાંદ્રા ટર્મિનસથી દર ગુરુવારે 04.30 કલાકે ઉપડશે અને બીજા દિવસે 07.00 કલાકે રીવા પહોંચશે. એ જ રીતે, રીવા - બાંદ્રા ટર્મિનસ વીકલી સ્પેશિયલ દર શુક્રવારે રીવાથી 11.00 કલાકે ઉપડશે અને બીજા દિવસે 12.15 કલાકે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. આ ટ્રેન 2મી મેથી 27મી જૂન સુધી ચાલશે....

વલસાડ-દાનાપુર એસી સ્પેશિયલ ટ્રેન 28મી એપ્રિલે રાત્રે 10.15 કલાકે વલસાડથી ઉપડશે.. તેવી જ રીતે, દાનાપુર - ઉધના એસી સ્પેશિયલ 30મી એપ્રિલે દાનાપુરથી બપોરે 2.35 કલાકે ઉપડશે અને ગુરુવાર- 2મી મે ના રોજ સવારે 3.00 કલાકે ઉધના પહોંચશે.

ભાવનગર ટર્મિનસ - દિલ્હી કેન્ટ વીકલી વિશેષ ટ્રેન ભાવનગર ટર્મિનસથી દર શુક્રવારે બપોરે 3.15 કલાકે ઉપડશે અને બીજા દિવસે બપોરે 1.10 કલાકે દિલ્હી કેન્ટ પહોંચશે. આ ટ્રેન 03 મેથી 28 જૂન સુધી ચાલશે. તેવી જ રીતે, દિલ્હી કેન્ટ - ભાવનગર ટર્મિનસ વીકલી સ્પેશિયલ દિલ્હી કેન્ટથી દર શનિવારે બપોરે 3.25 કલાકે ઉપડશે અને બીજા દિવસે 12.25 કલાકે ભાવનગર ટર્મિનસ પહોંચશે.

આ અંગેની વિગતવાર માહિતી માટે મુસાફરો ભારતીય રેલવેની વેબસાઇટ જોઈ લઈ શકે છે.

.................